ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ–દાહોદ



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### ઘોઘંબાના પરોલી ક્લસ્ટરમાં રવી કેમ્પેઇન અંતર્ગત પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ



**હાલોલ ।** પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના પરોલી ક્લસ્ટર ખાતે રવી કેમ્પેઇન અંતર્ગત ખેડૂતો માટે એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં જીવામૃત અને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામોનું પ્રાયોગિક નિદર્શન કરાયું હતું.તાલીમ દરમિયાન સી.આર.પી. દિલીપ પરમાર દ્વારા ખેડૂતોને જમીનની ફળદ્રુપતા વધારવા માટેના પાયાના ઘટક એવા 'જીવામૃત' બનાવવાની વૈજ્ઞાનિક અને સરળ પદ્ધતિ સમજાવવામાં આવી હતી. ખેડૂતોને જીવામૃતના છંટકાવથી થતા અગણિત ફાયદાઓ વિશે માહિતગાર કરાયા હતા. કૃષિ સખી દક્ષાબેન દ્વારા ખેતીમાં આવતી વિવિધ રોગ-જીવાતોને કાબૂમાં લેવા માટે પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો (જેમ કે નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને દસપર્ણી અર્ક) ના ઉપયોગ વિશે માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત, રવી સીઝનમાં ઉત્પાદિત થતા પાકોનું સીધું વેચાણ કરવાને બદલે તેનું મૂલ્ય વર્ધન કરીને બજારમાં કેવી રીતે વધુ નફો મેળવી શકાય, તે અંગે ખેડૂતોને પ્રોત્સાહિત કરાયા હતા.

### ગોધરાની શેઠ પી.ટી. આર્ટ્સ એન્ડ સાયન્સમાં સાયબર ક્રાઈમ અવેરનેસ સેમિનાર યોજાયો




**ગોધરા ।** વર્તમાન સમયમાં ડિજિટલ ગુનાઓને રોકવા અને યુવા પેઢીમાં જાગૃતિ લાવવાના હેતુથી ગોધરાની શેઠ પી.ટી. આર્ટ્સ અને સાયન્સ કોલેજ ખાતે સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. પંચમહાલ જિલ્લા સાયબર ક્રાઈમ સેલના પીઆઈ પ્રવીણભાઈ જુડાલ, દેવશી સોલંકી અને તેમની ટીમ દ્વારા કોલેજના અંદાજે 200 જેટલા વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડથી બચવા માટેની માહિતી અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સાયબર નિષ્ણાતોએ ડિજિટલ હેરેસમેન્ટ, બેન્કિંગ ફ્રોડ અને મોબાઈલના અતિશય ઉપયોગથી થતા જોખમો અંગે પીપીટી તેમજ બેનર્સના માધ્યમથી અસરકારક રજૂઆત કરી હતી. કાર્યક્રમનું સંચાલન કોલેજના સાયબર સેલના ડો. સુરેશભાઈ ચૌધરી અને ભાવેશભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ડો. ભાવેશભાઈ ચૌધરીએ સાયબર સેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ગોધરાના ભામૈયામાં તળાવ પ્રદૂષિત થવાની ઘટના બાદ પાણીની વ્યવસ્થા કરાઈ



**ગોધરા ।** ગોધરાના ભામૈયા પશ્ચિમ ગામમાં તળાવમાંથી શંકાસ્પદ માંસનો જથ્થો મળી આવવાની ઘટનાને પગલે ગ્રામજનોમાં ચિંતા અને રોષ ફેલાયો હતો. તળાવની નજીક જ વોટર વર્ક્સની પાણીની ટાંકી હોવાથી ગામના પીવાના પાણી પર સંકટ ઊભું થયું હતું. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે સ્થાનિક ધારાસભ્ય સી.કે. રાઉલજીએ તાત્કાલિક સંવેદનશીલતા દાખવી ગામમાં પીવાના શુદ્ધ પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરાવી છે.ઘટનાની જાણ થતા જ ધારાસભ્ય સી.કે. રાઉલજીના માર્ગદર્શન હેઠળ ગોધરા નગરપાલિકા અને પ્રથમેશ એન્ટરપ્રાઇઝના સહયોગથી ગામમાં પાણીના ટેન્કરો રવાના કરવામાં આવ્યા હતા. ગામમાં પાણી પહોંચતા જ મોટી સંખ્યામાં મહિલાઓ પાણી ભરવા ઉમટી પડી હતી. મુશ્કેલીના સમયે તંત્ર અને ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલી આ ત્વરિત કામગીરી બદલ ગ્રામજનોએ આભાર માન્યો હતો.

### દાહોદ શહેરમાં રખડતા હડકાયેલા કૂતરાઓનો આતંક યથાવત






દાહોદ, દાહોદ શહેરની ઝાયડસ હોસ્પિટલમાં હડકાયેલા કુતરાઓને રસીકરણ માટે લાંબી લાંબી લાંબી કતાર જોવા મળે છે ઝાયડસ હોસ્પિટલ માં રોજિંદા 10 થી 15 કેસ હડકાયેલા કૂતરાઓને રસીકરણના નોંધાય છે. સ્માર્ટ સિટી દાહોદ શહેરમાં જ્યાં જુઓ ત્યાં કુતરાઓનો જ આતંક જોવા મળે છે. દાહોદ શહેરની ગલીઓમાં કૂતરાઓને જન સંખ્યામાં વધારો થતા રાહદારીઓ પરેશાન થઇ રહ્યા છે. દાહોદ શહેરની ગલીમાં રખડતા કૂતરાઓનું શાસન જોવા મળી રહ્યું છે. દાહોદમાં જંગલી પ્રાણીઓના પણ ટક્કર મારે તેવા કુતરાઓ જોવા મળે છે. સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા ના રિટ પિટિશન સિવિલ નંબર 05/ 2025 માં તારીખ 7/11/2025 ના ચુકાદા અનન્વયે વિકાસ કમિશનરને કચેરી ગુજરાત રાજ્ય ગાંધીનગર ના પરિપત્ર અને ગુજરાત સરકાર શ્રી દ્વારા એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સ 2023 ના અસરકારક માટેની સૂચનાઓનો અમલીકરણ કરવામાં આવશે કે કેમ? શું દાહોદ નગરપાલિકાની ડોગ કેચર વાન શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ છે.

---

**પીવાના પાણીની ટાંકી નજીક જ માંસનો જથ્થો ફેંકી પશુઓ અને માનવ આરોગ્ય સાથે ચેડાં કરવાનો પ્રયાસ**

# ગોધરાના ભામૈયાના તળાવમાંથી માંસ મળતા હોબાળો

**અસામાજિક** તત્વો સામે ગ્રામજનોમાં રોષ

(પ્રતિનિધિ) ગોધરા, તા.2

પંચમહાલ જિલ્લાના ગોધરા-અમદાવાદ હાઈવે પર સ્થિત ભામૈયા પશ્ચિમ ગામમાં વહેલી સવારે તળાવમાંથી શંકાસ્પદ માંસ ભરેલા અંદાજે 40 જેટલા થેલા મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. અસામાજિક તત્વો દ્વારા સામાજિક શાંતિ ડહોળવાના ઈરાદે આ કૃત્ય કરાયું હોવાની શંકા સાથે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ગોધરા બી-ડિવિઝન પોલીસ અને નગરપાલિકાની ટીમ તપાસમાં જોતરાઈ છે.







સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, અજાણ્યા ઈસમોએ રાત્રિના અંધકારનો લાભ લઈ માંસનો આ જથ્થો તળાવમાં પધરાવી દીધો હતો. આ ઘટનાને કારણે ગામમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે કારણ કે, ગામના દુધાળા પશુઓ આ જ તળાવનું પાણી પીવે છે તળાવની એકદમ નજીક જ ગામને પીવાનું પાણી પૂરું પાડતી વોટર વર્ક્સની ટાંકી આવેલી છે.

આ સમગ્ર ઘટના બનતા સમગ્ર ગામ લોકો પોલીસ સ્ટેશનમાં દોડી આવ્યા હતા અને ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે આ માત્ર પર્યાવરણીય પ્રદૂષણનો મુદ્દો નથી પરંતુ ગોધરા અને સમગ્ર જિલ્લાની કોમી એકતા અને શાંતિ ભંગ કરવાનું સુવ્યવસ્થિત ષડયંત્ર હોઈ શકે છે. અગાઉ પણ ગામના મંદિર પાસે અણછાજતું કૃત્ય કરવામાં આવ્યું હોવાનું સ્થાનિકોએ યાદ અપાવ્યું હતું.માંસનો જથ્થો મળ્યાની જાણ થતા જ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. પરિસ્થિતિ વણસે તે પહેલા ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. નગરપાલિકાના ફાયર વિભાગની મદદથી તળાવમાં ફેંકાયેલા થેલાઓને બહાર કાઢવાની અને તે વિસ્તારને જંતુમુક્ત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

હાલમાં પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવાની પ્રક્રિયા શરૂ કરી છે અને સીસીટીવી ફૂટેજ તેમજ બાતમીદારોના આધારે આ અમાનવીય કૃત્ય કરનારાઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

---

# બારીયાની હથોડ ગામને સુખસરના બદલે ફતેપુરા તાલુકામાં જ સમાવવાનો આદેશ

**સ્થાનિકોની રજૂઆત** માન્ય રાખતા સરકારનો નિર્ણય

(પ્રતિનિધિ) સુખસર, તા. 2

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં નવા તાલુકાઓની રચના કરવામાં આવી હતી, જેમાં કેટલાક ગામડાઓને નવા તાલુકામાં સમાવતાં સ્થાનિક સ્તરે અસંતોષ જોવા મળ્યો હતો. આવી જ સ્થિતિમાં બારીયાની હથોડ ગામને ફતેપુરા તાલુકામાંથી વિભાજન કરીને સુખસર તાલુકામાં સમાવવાનો નિર્ણય લેવાયો હતો. જોકે સ્થાનિક નાગરિકોની વ્યાપક રજૂઆતને પગલે સરકાર દ્વારા હવે બારીયાની હથોડ ગામને ફરી ફતેપુરા તાલુકામાં જ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેના કારણે ગ્રામજનોમાં આનંદની લાગણી ફેલાઈ છે.



મળતી માહિતી મુજબ અગાઉ ફતેપુરા તાલુકામાં કુલ 96 ગામડાઓનો સમાવેશ હતો. નવા તાલુકાની રચના દરમિયાન ફતેપુરા તાલુકામાંથી 47 જેટલા ગામડાઓને અલગ કરીને નવીન સુખસર તાલુકામાં સમાવાયા હતા. આ પ્રક્રિયામાં બારીયાની હથોડ ગામને પણ સુખસર તાલુકામાં સમાવાયું હતું. પરંતુ વહીવટી, સામાજિક અને ભૌગોલિક કારણોસર આ નિર્ણય સ્થાનિકોને અનુકૂળ ન લાગતાં તેમણે કૃષિ મંત્રી, સાંસદ સભ્ય સહિત રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી હતી.

સ્થાનિકોની રજૂઆત અને લાગણીઓને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે બારીયાની હથોડ ગામને ફતેપુરા તાલુકામાં જ રાખવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે હવે સુખસર તાલુકામાં કુલ 46 ગામડાઓનો વહીવટ રહેશે તેવી મંજૂરી પણ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી હોવાનું જણાવાય છે. બારીયાની હથોડ ગામને ફરી ફતેપુરા તાલુકામાં સામેલ કરવાનો નિર્ણય લેવાતા ગ્રામજનોમાં સંતોષ અને આનંદ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ સરકાર દ્વારા તેમની માંગણીને માન્ય રાખવામાં આવી હોવા બદલ આભાર વ્યક્ત કર્યો છે.

# દાહોદ જિલ્લામાં ખાતર કાળાબજારીનો ખેડૂત વિરોધ

**સુખસર તાલુકામાં** એગ્રો સંચાલકો બેફામ

(પ્રતિનિધિ) દાહોદ, તા.1

દાહોદ જિલ્લામાં ચોમાસુ પાક લણવાની તૈયારી ચાલી રહી હતી તે દરમિયાન આકસ્મિક માવઠું પડતાં અનેક ખેડૂતોના ઊભા પાકને ભારે નુકસાન પહોંચ્યું હતું. આ નુકસાન બાદ પણ ખેડૂતો હિંમત હાર્યા વિના ફરીથી શિયાળુ પાકમાં ઘઉં અને ચણાનું વાવેતર કર્યું છે. પાક સારો થાય તે હેતુથી ખેડૂતોએ પાણીની વ્યવસ્થા કરી, ખાતરનો પૂરતો ઉપયોગ કરવાની તૈયારી પણ કરી હતી. પરંતુ આ સંવેદનશીલ સમયગાળા દરમિયાન ખાતરની અછતનો લાભ લઈ કેટલાક એગ્રો સંચાલકો ખેડૂતોની મજબૂરીનો ખોટો ફાયદો ઉઠાવી



રહ્યા હોવાની ગંભીર ફરિયાદો સામે આવી છે. જિલ્લાના દાહોદ જિલ્લાના સુખસર તાલુકામાં એગ્રો સંચાલકો બેફામ બન્યા હોવાના આક્ષેપો ઉઠ્યા છે. ખેડૂતોને જરૂરી પ્રમાણમાં ખાતર મળતું નથી, એટલું જ નહીં પરંતુ સરકાર દ્વારા નક્કી કરેલા નિયત ભાવ કરતાં ઘણી વધારે વસૂલાત કરવામાં આવી રહી છે. યુરિયા ખાતરની 45 કિલોની એક બેગનો નિયત ભાવ રૂ. 266.50 હોવા છતાં ખેડૂતો પાસેથી રૂ. 360થી લઈને રૂ. 500 સુધી વસૂલવામાં આવી રહ્યા હોવાની ફરિયાદો વધી રહી છે.

---

# વેજલપુર પોલીસ સ્ટેશનનો નાસતો ફરતો આરોપી ઝડપાયો

**પંચમહાલ જિલ્લા** એસઓજી પોલીસની કાર્યવાહી

(પ્રતિનિધિ) કાલોલ, તા.2

ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ SOG દ્વારા ભાગતા ફરતા આરોપી સામે કાર્યવાહી કરવામાં આવી છે. એસઓજી પોલીસ સ્ટેશનના પી.આઈ.ના માર્ગદર્શન મુજબ સ્ટાફને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી, જેના આધારે મળેલી બાતમી પરથી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ વેજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઠગાઈ અને વિશ્વાસઘાતના ગુનામાં નાસ્તા ફરતા આરોપી વિનોદ દલપત પરમાર (રહેવાસી: પરુણા, તા. કાલોલ, જી. પંચમહાલ) હાલ કાલોલ તાલુકાના કાસીયાઘોડા ત્રણ રસ્તા પાસે હાજર હોવાની એસઓજીના કોન્સ્ટેબલને બાતમી મળી હતી. આ બાતમીના આધારે એસઓજીના ગોહિલ તથા સ્ટાફ દ્વારા સ્થળ પર પહોંચી તપાસ કરતાં આરોપી હાજર મળી આવ્યો હતો. ત્યારબાદ તેને પકડી કાયદેસર રીતે ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે વેજલપુર પોલીસ મથકે સોંપવામાં આવ્યો છે.



આ કાર્યવાહીથી વિસ્તારમાં ઠગાઈ અને વિશ્વાસઘાતના ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓમાં ફફડાટ ફેલાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## ઝાલોદની યુવતીએ યુવક વિરુદ્ધ અપહરણની ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.2

ઝાલોદમાં રહેતી યુવતીએ યુવક વિરુદ્ધ લગ્નની લાલચ આપી અપહરણ કરી ગોંધી રાખવાના ગંભીર આરોપની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

અંદાજે બે વર્ષ અગાઉ ઈન્સ્ટાગ્રામ પર રવિનાની ઓળખાણ વિપુલ નરસીંગ ચારેલ (રહે. લખનપુર, સુખસર) સાથે થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે રૂબરૂ મુલાકાતો શરૂ થઈ અને અવારનવાર મળવાનું બન્યું હતું. ફરિયાદ અનુસાર, 20મી ડિસેમ્બર,2025ના રોજ યુવકે તેણીને બોલાવી જબરજસ્તી બાઈક પર બેસાડી લખનપુર ગયો હતો. ત્યાં ભાગીને લગ્ન કરવાની લાલચ આપી બે દિવસ સુધી દુકાનમાં ગોંધી રાખી હતી. ઝાલોદ પોલીસ સ્ટેશનમાં યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## ગોધરાના પરવડી બાયપાસ પર ટ્રક ધડાકાભેર બે મકાનમાં ઘૂસી ગઈ





ગોધરા શહેરના પરવડી બાયપાસ રોડ પર આજરોજ અકસ્માત સર્જાયો હતો. અહીં પૂરપાટ ઝડપે આવી રહેલી સિમેન્ટની ટ્રકના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં ટ્રક રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી અને રોડ કિનારે આવેલા બે રહેણાંક મકાનોમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે ટ્રકની ટક્કરથી એક મકાનના બહારના ભાગે દિવાલ અને પતરાં તૂટી ગયા હતા અને સ્ટ્રક્ચરને મોટું નુકસાન પહોંચ્યું હતું.

---

# ઝાલોદ શિક્ષક ક્રેડિટ સોસાયટી સાથે જોડાયેલા આશિષ સેવા મંડળમાં નાણાંકીય ગેરવહીવટના આક્ષેપ

ગંભીર નાણાકીય ગેરવહીવટના આક્ષેપો સામે આવ્યા

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.2

ઝાલોદ તાલુકા પ્રાથમિક શિક્ષક કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી સાથે સંકળાયેલા આશિષ સેવા મંડળ ઝાલોદમાં ગંભીર નાણાકીય ગેરવહીવટના આક્ષેપો સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ આશિષ સેવા મંડળના પ્રમુખ, મંત્રી તથા કેટલાક સભ્યો દ્વારા અંદાજે રૂ. 88 લાખ (અઠ્યાસી લાખ રૂપિયા) ઝાલોદ શિક્ષક સોસાયટીમાંથી ઉપાડી નવી રચાયેલી નિવૃત કર્મચારી મંડળ, લીમડીમાં જમા કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.



અત્યાર સુધી આશિષ સેવા મંડળ દ્વારા કોઈપણ શિક્ષકનું આકસ્મિક અથવા કુદરતી અવસાન થાય ત્યારે તેમના વારસદારોને સહાયરૂપે ચેક આપવામાં આવતો હતો. પરંતુ હાલ આ પ્રકારના ચેક આપવામાં આવતા ન હોવાની ચર્ચા છે, જેના કારણે સભાસદોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

મહત્વની બાબત એ છે કે આ સમગ્ર નાણાકીય વ્યવહાર અંગે આશિષ સેવા મંડળની કારોબારી બેઠક બોલાવવામાં આવી નથી કે કોઈ કારોબારી સભ્યોને જાણ કરવામાં આવી નથી. આશિષ સેવા મંડળમાં ઝાલોદ, લીમડી અને સંજેલી વિભાગના અનેક સભાસદો જોડાયેલા છે, જેમની મંજૂરી કે વિશ્વાસમાં લીધા વિના નાણાકીય વ્યવહાર કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપો ઉઠ્યા છે.

સભાસદોનું કહેવું છે કે આવા કોઈપણ નીતિગત અથવા નાણાકીય નિર્ણય પહેલાં કારોબારી બેઠક બોલાવી અને સાધારણ સભાની મંજૂરી લેવી જરૂરી છે. જો આ નાણાકીય વ્યવહાર તાત્કાલિક રીતે સ્થગિત નહીં કરવામાં આવે તો સંબંધિત જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે, તેવી પણ ચીમકી આપવામાં આવી છે.

# ગોધરાના બામરોલી રોડ પરનો બમ્પ જોખમી બન્યો

**બમ્પ ઉપર** સફેદ પટ્ટા ન લગાવતા તંત્રની બેદરકારી સામે આવી

(પ્રતિનિધિ) ગોધરા, તા.2

ગોધરાથી બામરોલી તરફ જતા મુખ્ય માર્ગ પર તંત્ર દ્વારા જોખમી બમ્પ બનાવી દેવામાં આવતા અને તેની ઉપર સફેદ રંગના પટ્ટા ન મારતા અંધારામાં આ બમ્પ ન દેખાવાને કારણે ટુ-વ્હીલર ચાલકો રોડ પર પટકાયા હતા. ઘટનાની ગંભીરતા જોતા 112ની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી બેરિકેટ્સ લગાવી વધુ અકસ્માતો થતા અટકાવ્યા હતા.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, તંત્ર દ્વારા હદ કરતા મોટો જમ્પ બનાવવામાં આવ્યો છે. આ બમ્પ પર કોઈ પણ પ્રકારના રિફ્લેક્ટર કે સફેદ પટ્ટા મારવામાં આવ્યા નથી જેના કારણે રાત્રિના સમયે વાહન ચાલકોને જમ્પ દેખાતો નથી. થોડી પણ સ્પીડમાં આવતા બાઈક સવારો આ બમ્પ પર ઉછળીને નીચે પટકાયા હતા જેમાં અનેક લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. એટલું જ નહીં, ઊંચા બમ્પના કારણે પસાર થતી ફોર-વ્હીલ ગાડીઓના એન્જિન પણ નીચેના ભાગે અથડાતા વાહનોને નુકસાન થયું હતું. અકસ્માતોની હારમાળા સર્જાતા સ્થાનિકોએ 112 પોલીસ ટીમને જાણ કરી હતી.

પોલીસ ટીમે રસ્તા પર બેરિકેટર મૂકીને ટ્રાફિકને નિયંત્રિત કર્યો હતો. તંત્રની આ લાપરવાહીને કારણે નિર્દોષ વાહન ચાલકો ભોગ બનતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.